સમસ્ત ખરક જ્ઞાતિનું ઈ-માસિક પત્ર

# ખરક સમાજ દર્પણ

તંત્રી : આનંદ સેતા

કાર્યાલય : ૩૭, મહાલક્ષ્મી, વી.ટી.નગર, મહુવા - ૩૬૪ ૨૯૦.

E-mail : kharaksamajdarpan@gmail.com / Mo. 99254 87956

વર્ષ : ૧ | ઓગષ્ટ - ૨૦૨૧ | અંક : ૭ (પેઈજ : ૪)

## તંત્રી સ્થાનેથી



સુજ્ઞ જ્ઞાતિજનો, નમસ્કાર.

મહામારીમાં આપણે બચી ગયા એ જ ભગવાનની મોટી ‘ગીફ્ટ’ છે. પરંતુ હવે શું? આ વાત ઉમિયા પરિવારના તંત્રીએ સારી રીતે લખી છે. મારા મનની વાત એમાં આવી જાય એટલે તે જ રજુ કરું છું.

જન જીવન ધીમે ધીમે થાળે પડતુ જાય છે, કામધંધા શરૂ થઈ ગયા છે. લોકડાઉનના નિયમોમાં પણ છૂટછાટો મળવા લાગી છે છતા હજુ બેદરકારી પાલવે તેમ નથી. જેણે સ્વજનો ગુમાવ્યા તે પરિવારજનોના ડૂસકાં હજુ માંડ માંડ શમ્યાં છે, જેના પરિવાર વિખાણા એને હજુ માંડ કળ વળી છે. ત્યારે ત્રીજી લહેરને આમંત્રણ આપવું આપણને જરાય પોસાય તેમ નથી. કોવિડ પ્રોટોકોલ મુજબ માસ્ક, હાથ સફાઈ અને સોશ્યલ ડિસ્ટન્સને ભૂલવાનું નથી. તેમજ વેક્સિનના બન્ને ડોઝ લઈ જ લેવાના છે.

અણધારી આફત આવે ત્યારે કેવી અને કેટલી મુશ્કેલીઓ પડે તે આપણે સૌએ અનુભવ્યું. કયા અને કેટલા આપણે ટૂંકા પડયા એ પણ આપણે જોઈ લીધું. હવે આપણે સૌએ આ વરવા અનુભવમાંથી વિચારી, સમજીને શીખવા જેવું શીખી લેવું જોઈએ.

આહાર, વિહાર અને આરોગ્યની બાબતે તો આપણે સૌ થોડા ઘણા સજાગ થયા છીએ. પણ આપણી વ્યક્તિગત બચત અને આર્થિક બાબતે પણ થોડું ધ્યાન આપવું જરૂરી લાગે છે. લોકડાઉન જેવી સ્થિતિ આવે, કામધંધા આટલા દિવસ બંધ રાખવા પડે એવુ આપણે કયારેય સપનામાય વિચારેલું નહી. અને એટલે જ, આ અનુભવમાંથી હવે કરકસર અને બચતનું મહત્વ સમજવું જોઈએ. કમાઈએ એ બધું જ વાપરી નાખવું કે લોન લઈને આવકથી વધુ ખર્ચ કરવા તે બરાબર નથી.

દેખાડા અને સરખામણીને આધારે થતા ખર્ચા વિષે સભાન થવુ જોઈએ. ૬ થી ૮ મહિના ઘર સરસ રીતે ચલાવવા જોઈતી રકમ જેટલું સેવિંગ્સ કે આકસ્મિક આવી પડતા ખર્ચ માટે જરૂરી એવુ ફંડ, રીઝર્વ રાખવું ખૂબ જરૂરી છે. થતી આવકનો એક હિસ્સો, ભલે નાનો પણ નિયમિત બચત તરફ વળે તો જરૂરીયાત વખતે એ બહુ કામ આવે એ સમજવું જરૂરી છે.

જાત મહેનત, કરકસર અને બચતથી સમાજના દરેક પરિવારો આર્થિક રીતે આત્મનિર્ભર રહે અને વિષમ પરીસ્થિતિમાં કોઈ પાસે હાથ ના ફેલાવવો પડે તેવી સભાનતા કેળવે તે જરૂરી છે.

**આનંદ સેતા**
(તંત્રીશ્રી, ખરક સમાજ દર્પણ, મહુવા)

## મા તુઝે સલામ
લશ્કરમાં કામ કરતા જાંબાઝ જ્ઞાતિબંધુઓ

## ૭૫ સ્વાતંત્ર્ય પર્વ



નામ : વળિયા રમેશભાઈ ગફૂલભાઈ
વતન : ભાદ્રોડ. તા. મહુવા. જિ. ભાવનગર.
પરિવાર : પત્નિ : રેખાબેન (પિયર ત્રાપજ)
પુત્ર : કેનિલ (૧૦ વર્ષ) પુત્રી : એન્જલ (૮ વર્ષ)
જન્મ તારીખ : ૨૪/૫/૧૯૮૫
લશ્કરમાં ભરતી તારીખ : ૨૭/૧/૨૦૦૬
અનુભવ : ૧૬ વર્ષ
કામગીરીના ક્ષેત્રો : જમ્મુ કાશ્મીર, અમરનાથ, કારગીલ, પુન્છ, મેંઠર, બાલાકોટ, (હાલ) દીલ્હી, નાગાલેન્ડ, મણિપુર, મ્યાનમાર બોર્ડર, સીકંદરાબાદ, જમ્મુ કાશ્મીરમાં પુલવામ, રામવન, બનીહાલ, અનંતનાગ, સીયાચીન
સંકલ્પ : આઝાદી કી હમ કભી શામ નહી હોને દેંગે,
શહીદો કી કુર્બાની કભી બદનામ નહી હોને દેંગે,
એક બુંદ ભી બચી હો જબ તક જો લહુ કી,
ભારત માતાકા આંચલ નિલામ નહી હોને દેંગે. જય હિન્દ.



## ઘરસભા (૪૫૮/૪૫૯)
તા. ૨૯/30-૬-૨૧



શ્રી મહુવા ખરક જ્ઞાતિ મહુવા આયોજીત સરધાર મુર્તિ પ્રતિષ્ઠા મહોત્સવ સરધારના ઉપલક્ષમાં સોનાવાલા બાગ મહુવા ખાતે ૪૫૮/૪૫૯મી ઘરસભાનું આયોજન તા. ૨૯/30 જુનના રોજ કરવામાં આવેલ.

આ જ્ઞાનસત્રનો મહુવાના ખરક જ્ઞાતિ તથા અન્ય હરિભકતોએ ૨ દિવસ રાત્રે ૮:30 થી ૧૦:30 દરમ્યાન વિશાળ સંખ્યામાં લાભ લીધો. વકતા તરીકે પૂ.સ.ગુ. સ્વામિશ્રી નિત્યાનંદ સ્વરૂપદાસજીએ રસમય, જ્ઞાનમય અને ધર્મ જાગૃતિની વાતો કરી. સત્સંગ કાર્યક્રમ બાદ રાત્રે સૌ હરિભક્તોને જુદા જુદા દાતાઓ તરફથી અલ્પાહાર આપવામાં આવ્યો. કોરોનાના કપરાકાળ પછી પ્રભુ પારાયણતા અને પ્રભુ સામીપ્યની વાતોએ લોકોને આશ્વસ્ત કર્યા.



## કરલો દુનિયા મુઠ્ઠીમેં
(વિદેશ વસતા જ્ઞાતિબંધુઓ)

### જ્ઞાતિ 1 પ્રથમ



દેશ : અમેરીકા
નામ : સુરાણી કરશનભાઈ બાકાભાઈ
પિતા : સુરાણી બાકાભાઈ ટપુભાઈ
વતન : તણસા.
હાલ વસઈ (મુંબઈ)
અભ્યાસ : B.E. (Electronics)
કાર્યક્ષેત્ર : Information Technology
અનુભવ : ૨૮ વર્ષ
કંપની : Accenture LLC. (ઓકસેનચર)
હોદ્દો : Business & System Integration Manager
નિવાસ : 3 woodpecker way, marbolo, New Jersey 07746 U.S.A.
પરિવાર : મંજુબેન (પત્નિ) રિદ્ધી (પુત્રી)
સંપર્ક : +1 - 856-313-2113

અમેરીકામાં છેલ્લા ૨૧ વર્ષથી સ્થિત છે. જેઓ વિદેશ વસનાર પ્રથમ જ્ઞાતિબંધુ છે.

## અભિનંદન



મહુવા ખરક જ્ઞાતિ વેપારી એસોસીએશનના ઉપપ્રમુખ તથા મહુવા જ્ઞાતિ કેળવણી સહાયક સમાજના કારોબારી સભ્ય શ્રી સી.કે. ટાઢાની પીજીવીસીએલ કંપનીના માન્ય યુનિયન અખિલ ગુજરાત વિદ્યુત કામદાર સંઘ માં ટેકનિકલ કર્મચારીની વિશેષ સેવા બજાવવા સંગઠન મંત્રી (ટેક) મહુવાની નિમણૂંક કરવામાં આવી. સમગ્ર જ્ઞાતિ તથા ખરક સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.

## ભુંભલી : સેંતા પરિવાર



મો:- 8140605239



મો:- 8140199588

સેંતા પરિવારનું ભુંભલી ખાતે આવેલ કુળદેવી ચામુંડાના સ્થાનકમાં હવે કાયમી ભુવા તરીકે સેતા વિપુલભાઈ ગકુલભાઈ મુખ્ય ભુવા તથા પઢિયાર ભુવા તરીકે વૈદ્ય સેતા હિંમતભાઈ ભવાનભાઈ છે. આ નિમણુંક માટે તેઓ અભિનંદનના અધિકારી છે.



સુરત : દિપકભાઈ વાલાભાઈ ટાઢા (દિપ ટાઢા) ત્રાપજવાળા હાલ સુરત જેઓ શ્રી અંજની માતા ગૌ-શાળા ચેરીટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી છે. તથા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ સુરતના રાષ્ટ્રીય બજરંગ દલ વરાછા જીલ્લા મંત્રી છે. છેલ્લા ૧૦ વર્ષથી અલગ અલગ સેવાકીય કાર્ય સાથે સંકળાયેલા છે.

શ્રી અંજની માતા ગૌ-શાળા ચેરીટેબલ ટ્રસ્ટના માધ્યમથી 'દિકરીઓનો કરિયાવર' રૂપે આપણી જ્ઞાતિની ૬૦ થી ૭૦ દિકરીઓને નજીવી કિંમતમા કરિયાવર પુરો પાડીને જરૂરીયાત મદદ પરિવારને મદદરૂપ થવાના કાર્યો કરે છે.

કોરોના મહામારીમા એમની ટીમ દ્વારા ૫૦૦ થી વધુ પરિવારને રેશન તથા ૧.૫૦ લાખ લોકોને ભોજન તથા વિકલાંગ અને બહેરાશવાળાને મફતમાં સાધનો આપવામાં આવ્યા. વ્યવસાયે તેઓ સુરત બરોડા પ્રિસ્ટેઝમાં શ્રી ચામુંડા નોવેલ્ટી ગિફ્ટ એન્ડ ઝુમ્મરની દુકાન ધરાવે છે.

દિકરીઓની કરિયાવર મેળવવા જ્ઞાતિજનો પણ એમનો સંપર્ક કરી શકે છે. મો. ૯૭૨૩૧ ૦૩૨૪૧ ઉત્કર્ષ સેવા કાર્ય માટે તેઓ અભિનંદનના અધિકારી છે. સમાજ દર્પણ અભિનંદન પાઠવે છે.

## પ્રશંસનીય કાર્ય

### 'કોવિડ કેર સેન્ટર' સોનાવાલા બાગ, મહુવા ખરક આરોગ્ય વિભાગ




નરસિંહ મહેતાએ ખરું જ ગાયું છે કે 'વૈષ્ણવજન તો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે' તે પ્રમાણે મહામારીના કપરા દિવસોમાં જ્યારે ડૉક્ટર કે દવાખાનું ઉપલબ્ધ ન હતા તેવી પરિસ્થિતિમાં મહુવા ખરક આરોગ્ય વિભાગે તા. ૨૯/૪/૨૧ના રોજ સોનાવાલા બાગમાં 'કોવિડ કેર સેન્ટર' શરૂ કરી પ્રશંસનીય કામગીરી કરી. કોવિડ કેર સેન્ટરના મેનેજિંગ કમિટીના સભ્યો

(૧) ડૉ. પી.એસ. ભુત
(વિનય હાર્ટ કેર, મહુવા)

(૨) ડૉ. ભુપતભાઈ પી. પટેલિયા
(શ્રી રામ આઈ.સી.યુ. એન્ડ નર્સિંગ હોમ, મહુવા)

(૩) શ્રી કનૈયાલાલ એ. કાપડિયા
(ટ્રસ્ટી, શ્રી મહુવા ખરક જ્ઞાતિ ટ્રસ્ટ)

(૪) શ્રી શૈલેષભાઈ એ. સેંતા
(ઉપપ્રમુખ, સમસ્ત ખરક સમાજ, મહુવા)

(૫) શ્રી જયસુખભાઈ આર. સેંતા
(પ્રમુખ, મહુવા ખરક જ્ઞાતિ વેપારી એસો., મહુવા)


જેઓએ જ્ઞાતિની પીડા સમજીને અઘરું કામ હાથ ધર્યુ. આ કોવિડ સેન્ટરમાં ૬૦ થી ૭૦ જેટલા દર્દીઓએ સારવાર લીધી. કેર સેન્ટરમાં ડૉ. ભુત સાહેબ તથા ડૉ. પટેલિયા સાહેબે વિઝિટિંગ ડૉક્ટર તરીકે કેર સેન્ટરની પુરી કેર કરી તો ૫ M.B.B.S. ડૉક્ટરો, નર્સો તથા સેવાભાવી જ્ઞાતિજનોએ ખડેપગે સેવા કરી. દર્દી તથા દર્દીના સગા માટે રહેવા તથા જમવાની સુવિધા પણ ઉભી કરી.

હિંમતે મર્દા તો મદદે ખુદા, એ કહેવત પ્રમાણે દાતાઓ તરફથી દાન અને વસ્તુ ભેટનો વરસાદ થયો. જેમાં ગાદલા, પંખા, બેડ, સેનીટાઈઝર, માસ્ક, ફ્રુટ, મેડિકલ સાધનો, દવા, ઓક્સિજન બાટલા, ફ્લો મીટર, જનરેટર, દૂધ, છાશ, કરિયાણુ, ઘઉં ઉપરાંત બી.એ.પી.એસ. સંસ્થા દ્વારા ઓક્સિજન કન્સેટ્રેટર મશીન ૨ ભેટ મળ્યાં. દાતાઓ ઉપરાંત કોવિડ સેન્ટરમાં તન, મન અને ધનથી સેવા કરનાર ખરેખર અભિનંદનને પાત્ર છે. વાતાવરણ સુધરતા તા. ૩૧/૫/૨૦૨૧ના રોજ સેન્ટર બંધ કરવામાં આવેલ.



અભિનંદન : થોરાળી નિવાસી કાબા કલ્પેશભાઈ હરજીભાઈની નિમણુંક લેબોરેટરી ટેક. તરીકે ગજજરવાડી, અર્બન હેલ્થ સેન્ટર, વડોદરામાં તા. ૧૨/૮/૨૧ના રોજ થયેલ છે.

## આપણો વારસો અને વૈભવ



ખરક જ્ઞાતિમાં પુરુષોના ઘરેણામાં કંઠી, મગમાળા અને ખમીસ પર 'સટ' પહેરતાં અને સ્ત્રી અને પુરુષો 'ઢાવ' નામનું ઘરેણું કાનના નીચેના ભાગમાં પહેરતા. પુરુષો માટે કેડ ઉપર પહેરવાનું કંદોરો એક વિશેષ ઘરેણું હતું જે ચાંદીનું બનેલું હતું. કંદોરો એટલો મજબુત હતો કે પુરુષ હથિયાર વગર પણ પોતાનું રક્ષણ કરી શકતો. આજે હવે ભાગ્યે જ કોઈના ઘરમાં કંદોરા સચવાયા હશે.

## શુભ ઉદ્‌ઘાટન

ભુંભલી : ખીમાણી હાર્દિકભાઈ નાગજીભાઈ તથા ખીમાણી અલ્પેશભાઈ લાલજીભાઈ દ્વારા ભાવનગર ખાતે હાર્ડવેર, પ્લાયવુડ તથા લેમિનેટની દુકાન **પાવન એન્ટરપ્રાઈઝ** નું શુભ ઉદ્‌ઘાટન ૧૨/૭/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સરનામું : દુકાન નં. ૩, ઉપનિષદ આર્ક, વીર મોઘડાજી સર્કલ, ઘોઘા રોડ, ભાવનગર. મો. ૯૯૭૯૭ ૦૦૭૩૪

કળસાર : વિજયભાઈ જીણાભાઈ સાંગાણી તથા જગદીશભાઈ વેલજીભાઈ સાંગાણી દ્વારા **આર.કે. મોબાઈલ** નું શુભ ઉદ્‌ઘાટન માતા-પિતાના વરદ્ હસ્તે તા. ૯/૮/૨૦૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : ૨, મહેતા ચેમ્બર, બેંક ઓફ ઈન્ડિયાની સામે, ભારત પેટ્રોલ પંપ પાસે, મહુવા. મો. ૯૯૨૫૨ ૫૪૧૦૦ / ૯૬૩૮૪ ૫૪૬૪૭

ત્રાપજ : આશિષભાઈ વલ્લભભાઈ ટાઢા દ્વારા ત્રાપજ ખાતે **શ્રી ગણેશ લેબોરેટરી** નું શુભ ઉદ્‌ઘાટન તેમના માતા-પિતાના વરદ હસ્તે તા. ૨૧/૬/૨૧ના રોજ કરવામાં આવ્યું. સ્થળ : આવડ પેંડાવાળા સામેની શેરી, ત્રાપજ. તા. તળાજા. જિ. ભાવનગર. મો. ૯૫૧૦૨ ૦૬૯૪૯



દાઠા નિવાસી ડૉ. વિપુલભાઈ વેલજીભાઈ ટાઢા (B.H.M.S.) દ્વારા ઠળિયા ગામમાં નવું કલીનીક **હેનિલ કલીનીક** તા. ૨૧/૬/૨૧ના રોજ શરૂ કરાયું. જેમાં શરદી, તાવ, બલડપ્રેશર, ન્યુમોનિયા, બાળરોગ, ચામડીના રોગ, સ્ત્રીરોગ, પેટના રોગ, સાંધાના દુઃખાવા તથા વ્યસનમુક્તિ માટે હોમિયોપોથિક સારવાર આપવામાં આવે છે. સ્થળ : પ્રાથમિક શાળાની બાજુમાં, ઠળિયા. તા. તળાજા. જિ. ભાવનગર. મો. ૯૬૨૪૫ ૯૨૨૮૭

## જ્ઞાતિ રત્ન

### લક્ષ્મણભાઇ ચકુરભાઇ ટાઢા

જ. તા. ૩/૧૧/૧૯૬૮ મૃ. તા. ૮/૪/૨૦૨૧



જયારે આપણે સેવા કરીએ છીએ તે સેવા નથી પણ આ જગતમાં રહેવા માટેનું ભાડુ છે - પરંતુ સમાજમાં બહુ ઓછા માણસો એવા હોય છે કે ભાડુ ચૂકવવાનું ચૂકતા નથી. સ્વ. લક્ષ્મણભાઇ ચકુરભાઇ ટાઢા (ઠળિયા) એવી વ્યક્તિ છે કે અલ્પ આયુમાં જગતનું, ગામનું અને જ્ઞાતિનું ઋણ ચૂકવીને વિદાય થયા.

પ્રાથમિક - માધ્યમિક શિક્ષણ ગામમાં જ લીધુ અને ખેતી, વેપાર અને સેવાના માધ્યમથી ગામમાં જ કામ કરવાનું શરૂ કર્યુ. અંકુર ન્યુઝ એજન્સી દ્વારા આસપાસના ૧૦ ગામોના લોકોને અખબાર વાંચતા કર્યા એટલું જ નહીં ન્યુઝ પેપરના માધ્યમ દ્વારા પોતાના વિસ્તારના પ્રશ્નોને વાચા આપી પત્રકાર ધર્મ પણ બજાવ્યો.

અંકુર લોકેસેવા ચેરિટેબલ ટ્રસ્ટ દ્વારા તેમણે જિલ્લા કલેકટર તથા ડી.એસ.પી.ની હાજરીમાં બ્લડ ડોનેશન, સર્વરોગ નિદાન કેમ્પ, વૃક્ષારોપણ, સજીવ ખેતીના સેમિનાર કર્યા તો ગામના સરપંચ તરીકે ગામમાં આરોગ્ય, પાણી, વીજળી, રસ્તાની સુવિધા વધારી. પાંચ વરસની તેમની સરપંચ તરીકેની સેવાએ તેમને તળાજા તાલુકા પંચાયતમાં ભાજપ પક્ષના સદસ્ય બનવાની તક આપી. તેમની સેવા અવિરત શરૂ ન રહી... અને તાલુકા પંચાયતમાં ચેરમેનના પદ ઉપર પહોંચ્યા. લોકસેવા યજ્ઞ સતત શરૂ હોવાથી લક્ષ્મણભાઇએ આજુબાજુના વિસ્તારમાં એલ.સી. તરીકે ચાહના મેળવી.

આ ઉપરાંત ખરક જ્ઞાતિમાં તેઓએ ત્રણ વરસ સુધી સમગ્ર ખરક જ્ઞાતિના પ્રમુખ તરીકે સફળ કામગીરી કરી જ્ઞાતિ ઉત્કર્ષનું કામ કર્યુ. તો ઠળિયા ગામના જ્ઞાતિના તેજસ્વી તારલાઓને દર શીતળા સાતમે સન્માન કરવાનું પણ શરૂ કર્યુ. તેઓ 'ખરક જ્ઞાતિ સંદેશ' ના તંત્રી તરીકે ઉમદા કામગીરી કરવાનું સ્વપ્ન સેવતા હતાં. જે કામ અધુરું રહી ગયું.

મળતાવડા અને સેવાભાવનાની વૃત્તિના કારણે લક્ષ્મણભાઇ સૌના પ્રિય હતા. કિડની અને કોરોના બંનેના સમૂહ હુમલામાં આપણે એક હોનહાર 'જ્ઞાતિ રત્ન' ગુમાવ્યું. તેઓના પરિવારમાં પત્નિ ગં.સ્વ. મંજૂલાબેન તથા પુત્ર અંકુરભાઇ અને મેહુલભાઇ છે.

સમગ્ર જ્ઞાતિ સમસ્ત ખરક જ્ઞાતિના પૂર્વ પ્રમુખને આ શબ્દો દ્વારા ભાવાંજલિ અર્પે છે.

## વ્યકિત વિશેષ

### સ્વ. ગીરધરભાઇ હરિભાઇ વળિયા



ખરક જ્ઞાતિ મહુવાના અગ્રણી ખેડુત આગેવાન, શ્રી મહુવા જૂથ મંડળીના ડાયરેકટર તથા શ્રી રામ ફૂડ - મહુવાના માલિક સ્વ. ગીરધરભાઇ હરિભાઇ વળિયાનું તા. ૧૧/૬/૨૦૨૧ના રોજ અવસાન થયેલ છે. સ્વ માટે તો સૌ કોઇ જીવે પરંતુ સૌ માટે જીવનાર બહુ ઓછા માણસો હોય છે. સ્વ. ગિરધરભાઇ બીજાના કામ માટે હંમેશા તત્પર રહેતા જ્ઞાતિ સંમેલન હોય, જ્ઞાતિ ભોજન હોય, સમૂહ લગ્ન હોય કે પછી નવરાત્રિ - દરેક પ્રસંગે સ્ટેજ પર નહી પણ કમરકસી રસોડામાં કામ કરતાં તે જ્ઞાતિના સાચા મૂકસેવક હતા. મહામારી આપણી જ્ઞાતિના ઘણાં યુવા મિત્રોને આપણી પાસેથી ઝૂંટવી ગઇ છે. તેમાં ગિરધરભાઇનું જવું જ્ઞાતિ માટે મોટી ખોટ સમાન છે. મહુવા ખરક જ્ઞાતિ ટ્રસ્ટ તથા શ્રી મહુવા ખરક જ્ઞાતિ વેપારી એસોસીએશને શોકસભા દ્વારા તેમને તા. ૧૩/૬/૨૦૨૧ના રોજ શ્રધ્ધાંજલિ અર્પી હતી. જેમાં બહોળી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા.

## અભિનંદન



દાઠાના વતની શ્રી વિજયભાઇ દામજીભાઇ ટાઢાની એસ.બી.આઇ. બેંક ભાવનગરમાં સર્કલ બેઝડ ઓફિસર તરીકે નિલમબાગ, ભાવનગરમાં તા. ૨૧/૬/૨૦૨૧ના રોજ નિમણૂંક થઇ. નવી નિમણૂંક માટે ખૂબ ખૂબ શુભેચ્છા.



ભાદ્રોડ નિવાસી વાયક સંજયભાઇ વલ્લભભાઇની સશસ્ત્ર સીમાબલ (SSB) માં તા. ૧૦/૪/૨૦૨૧માં પસંદગી થઇ છે હાલ મનાલી ખાતે તેઓની તાલીમ ચાલી રહી છે. ભાદ્રોડ તથા સમગ્ર જ્ઞાતિ તેમને અભિનંદન પાઠવે છે.



મહુવા મહિલા દૂધ ઉ. સહકારી મંડળી લિ. માં આવેલ નવા એનેલાઇઝર મશીનનું ઉદ્ઘાટન મહુવા મહિલા દૂધ મંડળીના પ્રમુખ અને ભાવનગરની સર્વોત્તમ ડેરીના ડાયરેકટર શ્રીમતિ ગોમતીબહેન કાપડિયાના હાથે કરવામાં આવ્યું.



નિયુકિત : કુંઢડાના વતની શ્રી વલ્લભભાઇ અરજણભાઇ ખોડિફાડ હાલ મહુવા ખાતે શ્રી જે.પી. પારેખ હાઇસ્કૂલમાં સુપરવાઇઝર તરીકે કામગીરી કરે છે. તેઓશ્રીની ભાવનગર જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિમાં કો. ઓપ્ટ સભ્ય તરીકે પસંદગી થઇ છે. આ ઉપરાંત તેઓ માધ્યમિક શિક્ષક મંડળી (ગ્રામ્ય) ના ડિરેકટર તરીકે પણ સેવા આપે છે.

## પ્રતિનિધિ ગામે ગામ



ભરતભાઇ ખીમજીભાઇ ભોજાણી
જય સોમનાથ ટ્રેડર્સ - ત્રાપજ
ગામ : ત્રાપજ
મો. ૯૮૯૮૭ ૭૮૬૯૬



ડૉ. હરેશભાઇ ધરમશીભાઇ કુચા
MWC સબ સેન્ટર PHC ત્રાપજ
ગામ : બપાડા
મો. ૯૪૨૯૨ ૩૧૭૭૧



વલ્લભભાઇ શામજીભાઇ પટેલિયા
વિશાલ એગ્રો સેન્ટર
ગોપનાથ રોડ, મઢુલી ચોક, પીથલપુર
ગામ : રેલિયા
મો. ૯૪૨૮૩ ૪૨૬૧૧



મહેશભાઇ કેશવભાઇ વાયલુ
કૃષિ ફુડ ઇન્ડસ્ટ્રીઝ, મોરંગી
ગામ : મોરંગી
મો. ૯૯૭૯૪ ૭૮૭૪૭



રાજુભાઇ દેવજીભાઇ વાળકી
રેવન્યુ તલાટી, મામલતદાર ઓફિસ, તળાજા.
ગામ : સથરા
મો. ૯૫૫૮૨ ૫૦૭૬૭



મગનભાઇ માવજીભાઇ કામળિયા
કૃષિ વિકાસ કેન્દ્ર - મહુવા
ગામ : રાણીવાડા
મો. ૯૪૨૬૯ ૬૭૬૬૩

## મૃત્યુ નોંધ

કુંભણ : પટેલિયા પ્રેમિલાબેન લાલજીભાઇ (૭૦) ૧/૭/૨૧
ખાટસુરા : કાપડિયા કાનાભાઇ ગીવાભાઇ (૭૦) ૯/૭/૨૧
ગુંદરણા : સેંતા ડાયાભાઇ નાનજીભાઇ (૮૭) ૯/૭/૨૧
થોરાળી : ખીમાણી વકતુબેન કાળુભાઇ (૧૦૦) ૧૦/૭/૨૧
પાદરગઢ : કાપડિયા ધનાભાઇ નનાભાઇ (૭૭) ૧૩/૭/૨૧
થોરડી : સુરાણી બાલુબેન વેલજીભાઇ (૭૦) ૧૩/૭/૨૧
દિહોર : ભસોટિયા દવલબેન દેવજીભાઇ (૭૦) ૧૩/૭/૨૧
મહુવા : વાળાકી જમકુબેન શામજીભાઇ (૬૮) ૧૬/૭/૨૧
વડલી : સોલંકી નારણભાઇ કરશનભાઇ (૯૭) ૧૬/૭/૨૧
તરેડ : કામળિયા નાથાભાઇ સુખાભાઇ (૪૭) ૧૭/૭/૨૧
મહુવા : પટેલિયા ભીખાભાઇ જીવાભાઇ (૭૨) ૧૭/૭/૨૧
વડલી : ટાઢા દિવાળીબેન રવજીભાઇ (૮૦) ૧૬/૭/૨૧
ખંઢેરા : વળિયા નિલેશભાઇ કલ્યાણભાઇ (૩૩) ૨૦/૭/૨૧
નૈપ : ટાઢા કાળીબેન ધીરૂભાઇ (૬૧) ૨૫/૭/૨૧
નૈપ (સુરત) : વાળાકી ધીરૂભાઇ કરસનભાઇ (૬૮) ૨૨/૭/૨૧
મહુવા : ભસોટિયા કનુભાઇ હરિભાઇ (૬૫) ૨૨/૭/૨૧
પીથલપુર : કામળિયા હાર્દિકભાઇ પ્રાગજીભાઇ (૨૪) ૨૩/૭/૨૧
દેવલી : સોલંકી શામજીભાઇ હરિભાઇ (૬૮) ૨૫/૭/૨૧
ત્રાપજ : વળિયા ભટુરભાઇ ખીમાભાઇ (૬૦) ૨૭/૭/૨૧
ધારડી : સેંતા શામુબેન પ્રેમજીભાઇ (૫૭) ૨૭/૭/૨૧
વાલાવાવ : સેંતા નાનુબેન બચુભાઇ (૮૦) ૨૭/૭/૨૧
ત્રાપજ : વળિયા ભાયાભાઇ ભીમાભાઇ (૯૦) ૨૮/૭/૨૧
વાળુકડ : ભોજાણી રાઘવભાઇ અરજણભાઇ (૯૮) ૩/૮/૨૧
ભુંભલી : કંસારા હાર્દિકભાઇ રમેશભાઇ (૧૭) ૪/૮/૨૧
ભુંભલી : ઢેઢી રાહુલભાઇ પાંચાભાઇ (૨૦) ૪/૮/૨૧
જસપરા : ભોળાણી ઋત્વિક રાજુભાઇ (૧૮) ૩/૮/૨૧
રાણીવાડા : કામળિયા દામજીભાઇ સુખાભાઇ (૧૦૩) ૭/૮/૨૧
ત્રાપજ : કુચા લક્ષ્મીબેન મોહનભાઇ (૮૧) ૨૩/૭/૨૧
વાવડી : વળિયા ધ્રુવભાઇ લલીતભાઇ (૩ માસ) ૫/૮/૨૧
થોરાળી : ખીમાણી કાશીબેન બોઘાભાઇ (૯૦) ૫/૮/૨૧

## સમસ્ત ખરક જ્ઞાતિના પ્રમુખશ્રીનો સંદેશ



પ્રિય જ્ઞાતિજનો, જય જય ખરક સમાજ, જત જણાવવાનું કે આપણે મહામારીમાં ૨૦૦ થી ૨૫૦ જ્ઞાતિજનોને ગુમાવ્યા તેનું ભારોભાર દુઃખ છે. તેમાં પણ ૩૦-૩૫ જુવાન લોકોને પણ કોરોના ભરખી ગયો જેની ખોટ હંમેશા સમાજને રહેશે. પ્રભુ સૌના આત્માને શાંતિ આપે એવી પ્રાર્થના.

કોરોનાની ત્રીજી લહેર આપણી જ્ઞાતિને વધુ મુશ્કેલીમાં ન મૂકે તે માટે આપણે સૌ સ્વૈચ્છિક રીતે કાળજી લઇએ. મરણ પ્રસંગે લૌકિક વહેવાર ત્રણ દિવસનો રાખવો બને તો ટેલિફોનીક બેસણું જ રાખવું. બંને પક્ષનું સાથે રાખવું. લગ્ન, વેવિશાળ, જ્ઞાતિભોજન કે ઉદ્‌ઘાટન અવસરોમાં પણ આપણે સૌ સભાનપૂર્વક સાવચેતી રાખીએ. ભગવાને આપણને જીવતાં રાખ્યા છે તો હવે 'વીથ કેર' જીવી બતાવવાનું છે.

બીજું આપણે શરૂ કરેલ સુરક્ષા મહાકુંભમાં દરેક પરિવારે રોજનો એક રૂપિયો બચાવવાનો છે અને વરસે દહાડે રૂ. ૩૬૫ અવશ્ય જમા કરાવવાના છે. મહામારીના કારણે આપણી કામગીરી સ્થગિત હતી પરંતુ હવે તેમાં વધુ જાગૃત બની કામ કરીએ.

બીજું બે વરસ પહેલા કેટલાંક લોકોએ વ્યક્તિદીઠ વીમા માટે રૂ. ૫૦ વધારાના જમા કરાવેલ જે જે તે સમયે ગૃપ ઇન્સ્યુરન્સમાં બધી રકમ ભરી આપેલ પરંતુ આખા વરસ દરમ્યાન કોઇ અકસ્માત મૃત્યુના કેસ ન આવેલ એટલે આપણે કોઇ દાવો મૂકેલ નથી. તે વીમા રકમ એક વર્ષ માટે જ લીધી હતી. હવે ગૃપ ઇન્સ્યુરન્સ માટે આપણે કોઇ રકમ ઉઘરાવતા નથી.

જ્ઞાતિજનોને કોઇ પણ પ્રકારની મુશ્કેલી હોય, કોઇ રજૂઆત હોય કે સૂચનો હોય તો તળાજા ખાતે આવેલ આપણા સમાજની વાડી 'સમસ્ત ખરક સમાજ કાર્યાલય' માં સવારે ૮ થી ૧૦ દરમ્યાન અવશ્ય સંપર્ક કરવો. આપણો સમાજ સુખી થાય, સમૃધ્ધ થાય અને સંગઠિત થાય તેવી ભાવના સાથે.

ભરતભાઇ ઠંઠ
પ્રમુખ સમસ્ત ખરક જ્ઞાતિ

## સાયબર સફર

**શુભ દર્શનમ્ :** શ્રાવણ મહિનાના પવિત્ર દિવસો ચાલે છે નીચે ખૂબ જ લોકપ્રિય અને જ્ઞાનસભર ધાર્મિક સિરિયલોની લીંક આપી છે આપ તેમાથી કોઇપણ એકાદ બે સિરિયલના તમામ એપિસોડ જોશો તો ખરેખર મજા આવશે...

મહાભારત
https://www.youtube.com/playlist?list=PLFr_jkwUp0hjYeUjPCK5bPGiECXj_0ecZ

રામાયણ
https://www.youtube.com/playlist?list=PLFr_jkwUp0hiy-RKD3JK12D3-3AUST-NT

શ્રીકૃષ્ણ
https://www.youtube.com/playlist?list=PLFr_jkwUp0higsPRxHQ9v9xysuRnvwkPs

શિવપુરાણ
https://www.youtube.com/playlist?list=PL57F01972FF119B66

**શિક્ષણ :** બાળકોને બતાવવા જેવી કેટલીક ફિલ્મો તમે ઓનલાઇન જોઇ શકે તે માટે નીચેની લીંક ખોલશો...
https://www.baldevpari.com/2020/03/blog-post_28.html

**સજીવ ખેતી :** શ્રીરામ કૃષ્ણ ટ્રસ્ટ - માધાપર (કચ્છ) દ્વારા તૈયાર થયેલ સજીવ ખેતી પરની ફિલ્મ જાગ્યા ત્યારથી સવાર રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય એવોર્ડ વિજેતા છે. બે ભાગમાં આપેલ ફિલ્મ આપ જરૂર જોશો
https://www.youtube.com/watch?v=JJ0QNO0RTSU
https://www.youtube.com/watch?v=mvykk359UJg

**ખરક સમાજ દર્પણ :** જુન-જુલાઇ ૨૦૨૧નો અંક શિક્ષક વિશેષાંક તરીકે પ્રગટ થયેલ છે. તે આપ નીચેની લિંકમાં જોઇ શકશો.
http://kharaksamajdarpan.com/book/


LIC भारतीय जीवन बीमा निगम LIFE INSURANCE CORPORATION OF INDIA
digit CSC
SBI SBI general INSURANCE

શ્રી વિવેકાનંદ ઓનલાઇન
શોપ.નં-૬, ગૌતમેશ્વર શોપીંગ
ભગવતી ચોક, કાળિયાબીડ, ભાવનગર
નિલેશ પી. ટાઢા
9328742121

જેનિલ

SBI ગ્રાહક સેવા કેન્દ્ર
શોપ.નં-૧૩, શિવરંજની કોમ્પ્લેક્ષ, SBI બેંકની
બાજુમાં ભગવતી સર્કલ, કાળિયાબીડ.
રમેશ પી. ટાઢા
9328722121

શ્રી વિવેકાનંદ ઓનલાઇન
ઓનલાઇન ફોર્મ, પાસપોર્ટ ફોટો, ST બસ ટિકીટ બુકીંગ
બુક સ્ટોલ, કલર પ્રિન્ટ, ટ્રાવેલ્સ ટીકીટ બુકીંગ
બાઇન્ડીંગ, મોબાઇલ રિચાર્જ, કુરીયર સર્વિસ
સ્પાઇરલ, ડિશ ટીવી રિચાર્જ, ઝેરોક્ષ
પાનકાર્ડ, આધાર કાર્ડ ડાઉનલોડ, RTO ના ફોર્મ

SBI ગ્રાહક સેવા કેન્દ્ર
ATM કાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ
આધારકાર્ડથી રૂા.૧૦૦ થી રૂા. ૧૦૦૦૦ ઉપાડ તથા જમાં
ખાતા નં. થી ભગવતી સર્કલ SBI માં રૂા. ૧૦૦ થી રૂા. ૨૦૦૦૦ જમાં થશે (SBI ની કોઈ બીજી બ્રાંચ માં ટ્રાન્સફર પર ચાર્જ લાગશે)
રૂા. ૧૨ વાળો વિમો ૧ વર્ષ અકસ્માતે મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
રૂા. ૩૩૦ વાળો વિમો ૧ વર્ષ કુદરતી મૃત્યુ રૂા. ૨,૦૦,૦૦૦ મળવા પાત્ર
રૂા. ૧૦૦૦ થી રૂા. ૫૦૦૦ સુધીનું અટલ પેન્શન યોજના
RD ખાતુ ખોલી આપીશું. જનધન ખાતું ખોલી આપીશું.
SBI બેંક પાસબુક માં એન્ટ્રી પાડી આપવામાં આવશે.
નોંધ : બારકોડ સ્ટીકર ફરજીયાત લગાવેલું જોઇશે.

LIC નો નવા વિમા માટે મળો.
LIC પ્રિમીયમ ભરી આપીશું
LIC પોલીસી ને લગતી તમામ સર્વિસ આપવામાં આવશે.
SBI જનરલનો મેડિકલ વિમા માટે મળો.
ફાસ્ટેગ કાઢી આપીશું
FASTag
થર્ડપાર્ટી તથા ફુલ વિમા કરી આપીશું (ટુવ્હિલર તેમજ ફોર વ્હિલર)
કોમ્પ્યુટરના C.C.C કોર્ષ માટે મળો. નવોદય ઓનલાઇન ફોર્મ ભરવા માટે મળો.
तत्काल मनीट्रान्सफर
તત્કાલ મની ટ્રાન્સફર કરી આપીશું.